

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-44 ■ તા. 10-11-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# ટ્રમ્પ સત્તા સંભાળે તે પહેલા જ મિડલ ઈસ્ટમાં હડકંપ, એક નિવેદને આગમાં ઘી હોમવાનું કામ કર્યું



મિડલ ઈસ્ટ યુદ્ધ હોય કે રશિયા-યુક્રેન... દુનિયા હાલ યુદ્ધની આગમાં સળગી રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર કહી ચુક્યા છે કે, તે યુદ્ધ ખતમ કરવાના પક્ષમાં છે. ભલે ડોનાલ્ડ ટ્રમ્પ ઈચ્છતા હોય કે, યુદ્ધ ખતમ થઈ જાય, પરંતુ શાંતિ પહેલાં તે તબાહીનું દ્રશ્ય જોવા ઈચ્છે છે. ઈઝરાયલ-ઈરાન યુદ્ધને લઈને તેમના ઈરાદા સ્પષ્ટ છે કે, તે બાઈડેન કરતાં પણ વધારે ખતરનાક સાબિત થશે. જોકે, તેઓ આ બધું રાષ્ટ્ર પ્રમુખ પદના શપથ લેતાં પહેલાં જ ઈચ્છે છે. જી હાં, ડોનાલ્ડ ટ્રમ્પના એડવાઈઝર માઈક ઈવાન્સ અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પ આવનાર ૮ અઠવાડિયા એટલે કે, રાષ્ટ્ર પ્રમુખના શપથ ગ્રહણ સમારોહ પહેલાં જ આ મામલાને થાળે પાડવા માગે છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન માઈક ઈવાન્સે કહ્યું કે, ડોનાલ્ડ ટ્રમ્પ ઈચ્છે છે કે, ઈઝરાયલ-ઈરાનની તેલ સુવિધા અને શિપિંગ કમેંટનરો પર હુમલો કરી દે. તેનાથી ઈસ્લામિક શાસન એટલે કે, ઈરાન નાદાર થઈ જશે અને યુદ્ધ હંમેશા માટે ખતમ થઈ જશે. ટ્રમ્પના સલાહકાર અનુસાર, ઈરાન પર હુમલો કરવાની આ એક સુવર્ણ તક છે. ઈઝરાયલને આ કામ નવા રાષ્ટ્ર પ્રમુખના શપથ લે તે પહેલાં કરવું પડશે.

માઈક ઈવાન્સે ભાર મૂકતા કહ્યું કે, ઈઝરાયલ પાસે નિર્ણાયક કાર્યવાહી કરવા માટે ૨૦ જાન્યુઆરી સુધીનો સમય છે. તેણે ગાઝા અને લેબેનોનમાં શરૂ સંઘર્ષનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, 'ટ્રમ્પ ઈચ્છે છે કે, ઈઝરાયલ આવનાર આઠ અઠવાડિયામાં જ ઈરાનનું કામ તમામ કરી દે. ઈઝરાયલ સાઉથ અને નૉર્થમાં મામલો સંકેલી શકે છે અને ફરી ધ્યાન ઈરાન પર કેન્દ્રીત કરી શકાય છે.' ટ્રમ્પના સલાહકારનું માનવું છે કે, ટ્રમ્પનો ટાર્ગેટ છે કે, ઈઝરાયલ ૧૨ જાન્યુઆરી પહેલાં ઈરાનના તેલ સ્થાપનો અને વેપાર કન્ટેનરોને નિશાનો બનાવે. તેનો હેતુ ઈરાનની અર્થવ્યવસ્થાને પાંગળી બનાવવાનો છે.

હવે પ્રશ્ન એ થાય છે કે, ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી સીધો આ સંદેશ મળ્યો છે? તો આ સવાલના જવાબમાં ઈવાન્સે કહ્યું, 'મને લાગે છે કે, તે આ તરફ ઈશારો કરી રહ્યાં છે. તેમને ચાર વર્ષ સુધી જાણ્યા બાદ મને પૂરો વિશ્વાસ છે કે ટ્રમ્પ આવું જ ઈચ્છે છે. ડોનાલ્ડ ટ્રમ્પ ઈઝરાયલને સુન્ની દેશો સાથે કરાર કરાવવા જેવું મોટું ઈનામ આપશે. હું ક્રાઉન પ્રિન્સને મળ્યો હતો અને હું જાણું છું કે, તે કરાર પર સહી કરવા ઈચ્છે છે. આ અબ્રાહમ કરારનો સૌથી મહત્ત્વપૂર્ણ ભાગ હશે.

## કોઈ વ્યક્તિ વસ્ત્રથી નહીં વચનથી યોગી બને છે...', અખિલેશ યાદવના CM યોગી પર આડકતરા પ્રહાર



સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે ફરી એકવાર સીએમ યોગી આદિત્યનાથને આડેહાથ લેતાં આકરા પ્રહારો કર્યા હતા. લખનઉમાં આયોજિત એક કાર્યક્રમને સંબોધતાં અખિલેશે કહ્યું કે એન્કાઉન્ટર કરનારાઓનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. હવે તે વધુ દિવસો સત્તામાં નહી ટકે. અખિલેશ યાદવે આક્રમક અંદાજમાં સીધા સીએમ યોગીને નિશાને લેતા કહ્યું કે, 'સંત સમાજ વચ્ચે ઝઘડા કરાવતા જઈ રહ્યા છે, જે પોતાના કરતાં કોઈને મોટા માનતા જ નથી એ કેવા 'યોગી' છે? જેટલા મોટા સંત હોય તે એટલું ઓછું બોલે છે અને બોલે તો પણ જનકલ્યાણ માટે જ બોલે છે, જેના વચન પ્રવચન માની લેવાય છે. જ્યારે અહી તો બધું જ ઉલટું છે.

અખિલેશે કહ્યું કે જે પ્રકારની ભાષાનો પ્રયોગ થઈ રહ્યો છે તેનાથી લાગે છે કે તેમની યોગ્યતા વિશે તમારે અને મારે જાણવું જોઈએ. કોઈ વ્યક્તિ વસ્ત્રોથી નહી પણ વચનથી યોગી બને છે. આ આઝાદીનો નહી પણ બર્બાદીનો અમૃતકાળ છે અને નકારાત્મક લોકોનો પણ. અમારે ત્યાં એવું મનાય છે કે જે જેટલો મોટો જ્ઞાની હોય તે એટલો જ ચૂપ રહે છે. એટલે જ તો અમારે ત્યાં મૌની અને મુનિની પરંપરા છે અને કળીયુગમાં બધું ઉલટું થઇ રહ્યું છે. મૃતભાષી આજકાલ વાચાળ બની ગયા છે, જ્યારે મૃદુભાષી કટુવાચી બની ગાય છે... પરોપકારી લોકો અત્યાચારીનું કામ કરી રહ્યા છે.

સીએમ યોગીનું નામ લીધા વિશે અખિલેશ યાદવે કહ્યું કે જેમનું કામ સરકાર ચલાવવાનું છે એ તો બુલડોઝર ચલાવી રહ્યા છે અને વિકાસના પ્રતીક વિનાશના પ્રતીક બની ગયા છે. દેશમાં પહેલીવાર એવું થયું કે સુપ્રીમ કોર્ટે બુલડોઝર એક્શન વિરુદ્ધ યુપી સરકારને ૨૫ લાખ રૂપિયાનો ભારે દંડ ફટકાર્યો છે.

## જામનગરમાં ફટાકડાં ફોડવા મામલે મોટી બબાલ! મારામારી બાદ આડેધડ ફાયરિંગમાં ૭ લોકો ઘાયલ



જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના હરીપર મેવાસા ગામમાં રહેતા એક ખેડૂત પરિવારના સાત સભ્યો પર શુક્રવારે જૂની અદાવતનો ખાર રાખીને તેમજ ફટાકડા ફોડવા બાબતે તકરાર કરીને પાડોશી આરોપીઓએ બંદૂકના જોટા સહિતના હથિયાર વડે ફાયરિંગ કર્યું હતું. તેમજ છરી વડે તેમજ પથ્થર વડે હુમલો કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવાઈ છે. ત્યારે તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે કાલાવડ તાલુકાના હરીપર મેવાસા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા ફિરોજભાઈ કાસમભાઇ હાલાણી નામના ૪૫ વર્ષના ખેડૂત યુવાને પોતાના ઉપર તેમજ પોતાના પરિવારના સાત સભ્યો ઉપર દેશી બંદૂક સહિતના હથિયાર વડે ફાયરિંગ કરી જાનથી મારી નાખવાના ઈરાદે પથ્થર મારો કરીને હુમલો કરવા અંગે પાડોશી યુનુસ તૈયબભાઈ હાલેપોત્રા તેમજ આસિફ તૈયબભાઈ હાલેપોત્રા ઉપરાંત આમીનભાઈ હાલેપોત્રા અને મામદભાઈ નાથાભાઈ સમા વગેરે સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદના જાહેર કરાયા અનુસાર ફરિયાદી ફિરોજભાઈ અને તેના ભાઈની બે પુત્રીઓ કે જે તાજેતરમાં રોકાવા માટે તારાણા ગામે આવી હતી, અને તે બંને પુત્રીઓના બાળકો પર પાસે ફટાકડા ફોડી રહ્યા હતા, જે આરોપીઓનો પસંદ ન હતું. તેથી તેને ફટાકડા ફોડવાની ના પાડતા ખેડૂત પરિવારને કહ્યું કે અમે ફટાકડા ફોડશું. જેનો મનદુઃખ રાખીને તેમજ અગાઉ પણ તકરાર કરી હતી, અને આ બાબતે મનદુઃખ રાખીને આ હુમલો કરાયાનું પોલીસમાં જાહેર થયું છે.સમગ્ર ઘટનાની જાણ થતા કાલાવડ ગ્રામના પોલીસને થતાં પોલીસ બનાવના સ્થળે તેમજ જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દોડી ગઈ હતી અને ફિરોજભાઈ કાસમભાઈ હાલાણીની ફરિયાદના આધારે આરોપીઓ સામે હત્યા પ્રયાસ સહિતની જુદી-જુદી કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. જ્યારે ફરીયાદી ફિરોજ તેમજ તેના ભાઈ ઉપરાંત તેની બે પુત્રીઓ માતા અને બાળક સહિત કુલ સાત વ્યક્તિઓ ઘાયલ થઈ છે, અને હાલ જી.જી.હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

## પાર્ટી વિરોધી પ્રવૃત્તિ કરવાના આરોપમાં પૂર્વ સાંસદ પર પડી ગાજ, ઉદ્ધવ સેનાએ સસ્પેન્ડ કરી દીધા

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી વચ્ચે ઉદ્ધવ ઠાકરેની શિવસેના યુબીટીએ બળવાખોરો પર મોટું એક્શન લીધું છે. પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થવાના કારણે શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના આદેશ પર હિંગોલીથી પૂર્વ સાંસદ સુભાષ વાનખેડેને પાર્ટીથી કાઢી મૂકાયા છે. શિવસેના (યુબીટી) ના કેન્દ્રીય કાર્યાલય તરફથી એક પ્રેસ રિલીઝ જાહેર કરી આ જાણકારી આપવામાં આવી છે. ઉદ્ધવ ઠાકરેએ આ પહેલા પણ બળવાખોરો પર કાર્યવાહી કરી છે. ઠાકરેએ પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓના કારણે પાંચ નેતાઓને કાઢી મૂકાયા હતા. જેમાં ભિવંડીના પૂર્વ ધારાસભ્ય રુપેશ મ્હાત્રે, વિશ્વાસ નાંદેકર, ચંદ્રકાંત ઘુગુલ, સંજય અવારી અને પ્રસાદ ઠાકરે સામેલ છે.આ સિવાય વાણી વિધાનસભાના જિલ્લા પ્રમુખ વિશ્વાસ નાંદેક, જરી તાલુકા પ્રમુખ ચંદ્રકાંત ઘુગુલ, મારેગાંવ તાલુકા પ્રમુખ સંજય અવારી, યવતમાલ જિલ્લાના વાણી તાલુકા પ્રમુખ પ્રસાદ ઠાકરેને પણ પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓના કારણે પાર્ટીથી કાઢી મૂકાયા. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ૪ નવેમ્બરે નામ વાપસીનો અંતિમ દિવસ હતો. શિવસેના યુબીટી સહિત એમવીએના અન્ય સહયોગી દળોમાં પણ ઘણા નેતા એવા હતાં જેમણે બળવાખોર અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. દરમિયાન એમવીએના ઘટક દળોના પ્રમુખ શરદ પવાર (એનસીપી એસપી) અને ઉદ્ધવ ઠાકરે (શિવસેના યુબીટી) એ પોતાના બળવાખોર નેતાઓને અંતિમ તક આપતાં અલ્ટીમેટમ આપ્યુ હતું. તેમણે કહ્યું હતું કે જો સમય રહેતાં નામ પાછા ન લેવામાં આવ્યા તો પાર્ટી તરફથી આકરું એક્શન લેવામાં આવશે. આ દરમિયાન ઘણા નેતાઓએ નામ પાછા તો લઈ લીધા હતા પરંતુ ઘણા પોતાના નિર્ણય પર અડગ રહ્યાં.

## અમેરિકામાં ચૂંટણી સમાપ્ત થતાં જ ફરી ગોળીબાર, ઘરમાં ઘૂસીને ધોળા દિવસે ૩ લોકોનાં જીવ લીધા

અમેરિકામાં ચૂંટણી પત્યાને હજુ ગણતરીના જ દિવસો થયા છે ત્યાં પેન્સિલવેનિયામાં એક યુવકે એપાર્ટમેન્ટમાં ઘૂસીને અંધાધૂંધ ગોળીબાર કરતાં અફરાતફરી મચાવી હતી. આ ઘટનામાં ૩ લોકોના મોત થયા છે, જ્યારે અન્ય ૩ લોકો ઘાયલ થયા હતા. પોલીસે ઘટના સ્થળે પહોંચી ઘાયલોને હોસ્પિટલ પહોંચાડી દાખલ કરાવ્યા હતા. માહિતી અનુસાર પોલીસે ફાયરિંગ કર્યા બાદ ભાગવાનો પ્રયાસ કરી રહેલા ગુનેગારનો પીછો કર્યો હતો. આ દરમિયાન તેણે પોલીસ પર પણ ફાયરિંગ કર્યું હતું, જે બાદ જવાબી ફાયરિંગમાં આરોપીનું મોત થયું હતું.

પેન્સિલવેનિયા સ્ટેટ પોલીસના લેફ્ટનન્ટ કર્નલ જ્યોર્જ બિવેન્સે મીડિયાને જણાવ્યું કે પોલીસે ૨૨ વર્ષીય હુમલાખોર રિકી શેનનને ઠાર કરી નાખ્યો હતો. પોલીસે જણાવ્યું કે ફાયરિંગ બાદ આરોપી ટ્રકની મદદથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આરોપીઓનું એન્કાઉન્ટર કર્યા બાદ પોલીસે ટ્રકની તલાશી લીધી, જ્યાં ૧૯ વર્ષની યુવતીનો મૃતદેહ મળી આવ્યો.પોલીસે જણાવ્યું કે મૃતક યુવતીનું નામ શેનન લેન્કેસ્ટર છે. તે કાઉન્ટીના માઉન્ટ જોયના એપાર્ટમેન્ટમાં હુમલાખોર સાથે અંદર ગઈ હતી

## દ્વિશતાબ્દી મહોત્સવ : ભારત સરકારે વડતાલના સુવર્ણ મંદિરની ટપાલ ટિકિટ બહાર પાડી

ખેડા જિલ્લાના યાત્રાધામ વડતાલ ખાતે શ્રી લક્ષ્મીનારાયણ દેવની સ્થાપનાના ૨૦૦ વર્ષ પૂર્ણ થયા છે, ત્યારે વડતાલમાં ૭ નવેમ્બરથી ૧૫ નવેમ્બર સુધી દ્વિશતાબ્દી મહોત્સવનું ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની વડતાલની ભૂમિ પરથી શ્રી સ્વામિનારાયણ ભગવાને સર્વ જીવ હિતાવહનો સંદેશ વિશ્વભરમાં આપ્યો હતો. દ્વિશતાબ્દી મહોત્સવમાં શ્રી સ્વામિનરાયણ ભગવાનનો વિશ્વ કલ્યાણનો સંદેશ દુનિયાભરમાં પહોંચે તે માટે ભારત સરકારે ટપાલ ટિકિટ બહાર પાડી છે.શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ નિમિતે ભારત સરકારે વડતાલના સુવર્ણ મંદિરની પોસ્ટલ ટિકિટ બહાર પાડવામાં આવી છે. જેનું અનાવરણ રાજ્યના




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરાયું. આ પ્રસંગે ખેડા સાંસદ દેવુસિંહ ચૌહાણ અને ધારાસભ્ય પંકજ દેસાઈ, કલ્પેશ પરમાર, સંજય મહીડા, રાજેન્દ્રસિંહ ઝાલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી લેખ......

# ફેડએ સતત બીજી વખત વ્યાજ દરમાં ઘટાડો કર્યો

યુએસ ફેડરલ રિઝર્વે વ્યાજ દરોમાં ૨૫ બેસિસ પોઈન્ટ (૦.૨૫%)નો ઘટાડો કર્યો છે. હવે વ્યાજ દર ૪.૫૦% થી ૪.૭૫% વચ્ચે રહેશે. અગાઉ ૧૮ સપ્ટેમ્બરે ફેડએ વ્યાજ દરોમાં ૫૦ બેસિસ પોઈન્ટ (૦.૫%)નો ઘટાડો કર્યો હતો.સપ્ટેમ્બર કટોતી લગભગ ૪ વર્ષ પછી કરવામાં આવ્યો હતો. ફેડએ સપ્ટેમ્બર ૨૦૨૪માં માર્ચ ૨૦૨૦ પછી વ્યાજ દરોમાં ઘટાડો કર્યો હતો. ફુગાવાને અંકુશમાં રાખવા માટે અમેરિકાની સેન્ટ્રલ બેંકે માર્ચ ૨૦૨૨થી જુલાઈ ૨૦૨૩ વચ્ચે ૧૧ વખત વ્યાજદરમાં વધારો કર્યો હતો.ગયા વર્ષે, ફેડરલ રિઝર્વે તેના નીતિગત નિર્ણયમાં સતત ત્રીજી વખત વ્યાજ દરો યથાવત રાખ્યા હતા. ૨૬ જુલાઈ, ૨૦૨૩ના રોજ ફેડ એ બજારની અપેક્ષાઓ મુજબ ૫.૨૫%-૫.૫%ની રેન્જમાં પોલિસી રેટ યથાવત રાખ્યો હતો.જો કે, ફેડ એ પણ સંકેત આપ્યો હતો કે ૨૦૨૪માં દરમાં ઘટાડો જોવા મળશે અને તે ઘટીને ૪.૬% થઈ શકે છે. ફુગાવાને પહોંચી વળવા માટે ફેડએ માર્ચ ૨૦૨૨થી દર વધારવાની શરૂઆત કરી હતી. ગયા વર્ષે જુલાઈ સુધીમાં આ દરો વધીને ૨૩ વર્ષમાં સૌથી ઊંચા સ્તરે પહોંચી ગયા હતા.ફેડરલ દર નક્કી કરે છે કે બેંકો એકબીજાને રાતોરાત આપવામાં આવેલી લોન પર કેટલું વ્યાજ વસૂલશે, પરંતુ તે ઘણીવાર ગ્રાહક દેવું, ગીરો, ક્રેડિટ કાર્ડ અને ઓટો લોનને પણ અસર કરે છે.કોઈપણ મધ્યસ્થ બેંક પાસે પોલિસી રેટના સ્વરૂપમાં ફુગાવા સામે લડવા માટે એક શક્તિશાળી સાધન છે. જ્યારે ફુગાવો ઘણો ઊંચો હોય છે, ત્યારે સેન્ટ્રલ બેંક નીતિ દરમાં વધારો કરીને અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઘટાડવાનો પ્રયાસ કરે છે.જો પોલિસી રેટ ઉંચો રહેશે તો બેન્કોને સેન્ટ્રલ બેન્ક પાસેથી જે લોન મળે છે તે મોંઘી થશે. બદલામાં બેંકો તેમના ગ્રાહકો માટે લોન મોંઘી બનાવે છે. આ અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઘટાડે છે. જો નાણાંનો પ્રવાહ ઘટે તો માગ ઘટે અને ફુગાવો ઘટે.

## દંતાલી ગામે થયેલા ફાયરિંગનો મામલો:પ્લોટના કોમન રસ્તા બાબતે થયેલી તકરારમાં એકનું મોત

કલોલ તાલુકાના દંતાલી ગામે ગ્રીનવુડ ફેઝ ૩માં રમેભાઈ રામસીભાઈ ભરવાડ અને વિપુલભાઈ ગોપાલભાઈ ગરડીયા ભરવાડના પ્લોટો આવેલા છે. આ બંને પક્ષકારો વચ્ચે પ્લોટના રસ્તા બાબતે વિવાદ ચાલતો હતો. કોમન રસ્તો વિપુલભાઈએ બંધ કરી દેતાં રમેશભાઈ ભરવાડના પ્લોટમાં ભાડે રહેતા ભાડૂઆતોને તકલીફ પડતી હતી. રમેશભાઈએ તેમનો પ્લોટ બીજાને ભાડે આપ્યો તે વિપુલભાઈને ગમતું ન હોય તેમણે આ કોમન પ્લોટનો રસ્તો બંધ કરી દીધો હતો.આથી રમેશભાઈ ભરવાડ ગઈકાલે ૧૧.૩૦ કલાકે કલોલ તાલુયકાના દંતાલી ગામે ગ્રીનવુડ ફેઝ ૩માં તેમના બે પ્લોટ આવેલા છે, ત્યાં ગયા હતા. આ પ્લોટમાં બનાવવામાં આવેલી ઓરડી અને શેડ ભાડે આપેલા હોય, આ પ્લોટમાં રહેતા ભાડૂઆત પાસે ભાડાકરાર કરાવવા માટે રમેશભાઈ તેમના મોટાભાઈ પુનભાઈ રામસીભાઈ ભરવાડ સાથે ગયા હતા. આ પ્લોટોનો કોમન ફાળવવામાં આવેલો રસ્તો વિપુલભાઈ ગોપાલભાઈએ બંધ કરી દીધો હતો.આ રસ્તો બંધ કરવાનું કારણ પૂછતાં આરોપી વિપુલભાઈ ગોપાલભાઈ ગરડિયા, વિજય ગોપાલભાઈ ગરડિયા અને ગોપાલાભાઈ કરશનભાઈ ગરડિયા ઉશ્કેરઈ જઈ રમેશભાઈ રામસીભાઈ ભરવાડ સાથે ઝઘડો કરી અપશબ્દો બોલી લાકડી વડે હુમલો કર્યો હતો. જેથી રમેશભાઈ ભરવાડને કપાળના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી રમેશભાઈએ આ ત્રણેય આરોપીઓ સામે જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી.વિપુલભાઈ ગોપાલભાઈ ગરડિયા ભરવાડે પ્લોટના રસ્તો બંધ કર્યાની અદાવત રાખી લાકડી અને રિવોલ્વર સાથે આરોપી રમેશભાઈ રામસીભાઈ તેમજ પુનાભાઈ રામસીભાઈ ભરવાડ (રહે હેબતપુર અમદાવાદ) દંતાલી ગામે આવેલા ગ્રીનવુડ ફેઝ ૩માં આવ્યા હતા. પ્લોટ પાસે આવી આ પ્લોટનો કોમન રસ્તો બંધ કરવા બાબતે વિપુલભાઈ સાથે તકરાર કરી અપશબ્દો બોલી પહેલાં લાકડીઓ વડે હુમલો કરી વિપુલ ગોપાલભાઈ અને વિજય ગોપાલભાઈ તેમજ

## સાંતલપુરનાં હમીરપુરામાં અફિણ સાથે વૃદ્ધ ઝડપાયો, પાટણ એસઓજી અફિણનાં ગઠ્ઠા અને રસ કબજે કર્યો




પાટણ જિલ્લાનાં સાંતલપુર તાલુકાના હમીરપુરા (મેઘપુરા) ગામે એક રહેણાંક ઘરમાંથી પાટણ એસ.ઓ.જી.પોલીસે મળેલી બાતમી આધારે ઓચિંતી રેડ કરીને રૂ.૮૫૨૫ની કિંમતનાં માદક પદાર્થ અફિણનાં ૩૪૧ ગ્રામનાં ગઠ્ઠા તથા રૂ. ૬૮૦ની કિંમતનો ૬૮ ગ્રામ અફિણનો રસ, રૂ. ૨૦૦ નો ડિઝીટલ વજન કાંટો, રૂ.૫૦૦૦નો મોબાઈલ, ૧૫ જેટલી નાની ડબ્બીઓ મળીને કુલે રૂ. ૨૦૫૨૫નાં મુદ્દામાલ સાથે હેમરાજભાઈ જેવતભાઈ ચૌધરી (ઉ.વ.૭૫) રે. હમીરપુરા (મેઘપુરા) તા. સાંતલપુર વાળાની અટકાયત કરી હતી. જ્યારે આ જથ્થો જેની પાસેથી લવાયો હતો તે શિવાભાઈ દાનાભાઈ પટેલ રે. બેડા, તા. ભાભરવાળો મળી આવ્યો નહોતો. આ બનાવ અંગે પાટણ એસ.ઓ.જી.એ આરોપીની અટકાયત કરી તેની સામે એન.ડી.પી.એસ. મુજબનો ગુનો નોંધ્યો હતો.આ અંગે ની મળતી માહિતી મુજબ પાટણ એસ.ઓ.જી. પોલીસને મળેલી બાતમી આધારે મોડી રાત્રે સાંતલપુરનાં હમીરપુરા ગામે સરકારી પંચો, એફએસએલ અધિકારીઓ સાથે હેમરાજભાઈ (ઉ.વ.૭૫)નાં ઘરમાં રેડ કરી હતી અને મેઢી તરફની દિવાલે એક તિજોરી અને કબાટમાં તપાસ કરતાં અંદરથી અફીણનાં ગઠ્ઠા, પ્લાસ્ટીકની ડબ્બીઓ, અફીણનો વજનકાંટો મળી આવતાં તેને પોલીસે કબજે લીધી હતી. પોલીસે સ્થળ પર એફએસએલ અધિકારી એચ.આર. પટેલે તેનું પરિક્ષણ કરીને ઓપીયમના આલ્કલોઈ માદક પદાર્થ હોવાનું જણાવ્યું હતું.

# તર્પણ-રીટા જાની

'પવન મંદ સુગંધ શીતલ, હેમ મંદિર શોભિતમ્

નિકટ ગંગા બહત નિર્મલ બદ્રીનાથ વિશ્વંભરમ્'




રેખાબેનના મધુર કંઠે ગવાતી આ સ્તુતિ સાંભળી રાજેશભાઈની આંખો ખુલી ગઈ. ઉંમરના કારણે શરીર સાથ આપતું ન હતું છતાં બદ્રીનાથની યાત્રા માટે નીકળવાનો ઉત્સાહ બંનેને એક દસકો યુવાન બનાવી રહ્યો હતો.

'નાસ્તો તૈયાર થયો હોય તો મને આપ હું બેગમાં મૂકી દઉં.'

'હા, બધું તૈયાર છે. પણ તમે આપણા બંનેની દવાઓ લીધી? ને ગરમ કપડાં ભૂલતાં નહીં.'

દેશ અને દુનિયા ફરેલા રેખાબહેન અને રાજેશભાઈને ફરવાની કોઈ નવાઈ ન હતી. છતાં જેટલી વાર આ યાત્રા માટે પ્લાનિંગ કરે ત્યારે એવું કોઈ કારણ આવી જાય કે જઈ ન શકાય. આ તેમનો પાંચમો પ્રયાસ હતો અને યાત્રા પ્રવાસ તો ભગવાનની કૃપા હોય ત્યારે જ થાય એમ મન મનાવતાં તેઓ છેવટે હરિદ્વાર જતી ટ્રેનમાં બેસી ગયાં.

કુલી તેમનો સામાન કોચમાં તેમના સીટ નંબર પર મૂકી ગયો.

'અરે આમાં તો એક સીટ ઉપર છે ત્યાં હું જતી રહીશ, તમે નીચે સુઈ જજો.'

'ના રે ના, તારા દુઃખતા પગે તને ઉપર ચડતાં તકલીફ પડશે, હું ઉપરની સીટ પર શાંતિથી સુઈ જઈશ. તારે ઉપર જવાની જરૂર નથી.'

આ મીઠી રકઝક વચ્ચે સામેની સીટ પર બેઠેલા પાંત્રીસેક વર્ષના યુવાને પૂછ્યું, 'દાદા, ક્યાં જવાના?'

'હરિદ્વાર અને પછી બદ્રીનાથ અને પંચપ્રયાગ.'

'તો તો સંગાથ થશે. હું પણ મારા માતાપિતા, પત્ની અને પુત્ર સાથે બદ્રીનાથ જાઉં છું. મમ્મીને બહુ ઈચ્છા છે કે એક વાર દર્શન કરવા છે. તેથી અમે નૈનીતાલનો પ્રોગ્રામ કેન્સલ કરી આ પ્રવાસ ગોઠવ્યો. નૈનીતાલ તો ફરી જવાશે પણ મમ્મીની ઈચ્છા પહેલી.'

રેખાબહેન અને રાજેશભાઈની આંખો ચમકી અને ચહેરાના ભાવો બદલાયા પણ બીજાને ખબર ન પડે એ રીતે.

ત્યાં સામેવાળા યુવાનના પિતાએ પૂછ્યું, 'તમારા દીકરા, દીકરી સાથે નથી? આ ઉંમરે યાત્રા કરવી હોય તો બહુ સગવડ રહે.'

રાજેશભાઈ જવાબ આપે એ પહેલાં જ રેખાબહેન બોલી ઉઠ્યા, 'દીકરો અમેરિકા છે. તેણે તો કહેલું કે, હું તમને બદ્રીનાથની યાત્રા કરાવીશ. પણ હવે આ જીવનનો શો ભરોસો? મારાં સાસુ યાત્રાનું રટણ કરતાં કરતાં પરલોક સિધાવી ગયા. અમારી જ ધીરજ ખૂટી એટલે નીકળી પડ્યા.' સાચું કારણ હોઠે તો આવ્યું પણ ગળી ગયાં.

'બાકી અમારો નિયમ છે કે પોતાનું બધું કામ જાતે કરવું. કોઈને નડવું નહીં, કોઈને કનડવું નહીં. અમારું સાહિત્યનું, યોગ અને મેડિટેશનનું, ગાર્ડનનું, ઓફિસના નિવૃત્ત કર્મચારીઓનું ગ્રુપ છે, જેમાં અમે ખૂબ આનંદથી અમારી મનગમતી પ્રવૃત્તિઓ કરીએ છીએ અને મજા કરીએ છીએ. દીકરો લઈ જાય તો જ યાત્રા થાય એવું થોડું છે?' મૂળ વાત છુપાવતાં રાજેશભાઈએ ટાપશી પૂરી.

અલકમલકની વાતો કરતાં બંને પરિવારે ડબ્બા ખોલી સાથે ભોજન કર્યું. હરિદ્વાર પહોંચતા સુધીમાં તો આ બંને પરિવાર વચ્ચે ગાઢ નાતો બંધાઈ ગયો. હરિદ્વાર પહોંચ્યા પછી હોટેલમાં રોકાવું, બદ્રીનાથ માટે વાહન, રોકાણ સાથેનું પૅકેજ નક્કી કરવું - બધું જ સાથે મળીને ગોઠવ્યું. બધાં સાથે સત્સંગ કરતાં, ભજન ગાતાં આનંદપૂર્વક બદ્રીનાથ ધામ પહોંચ્યાં.

આખરે દર્શનની એ ધન્ય ઘડી આવી પહોંચી. હૃદયમાં હરખની હેલી ચડી હતી. સવારે ગરમ પાણીના કુંડમાં સ્નાન કરી, તૈયાર થઈ સૌ મંદિર પહોંચી ગયા. હિમાલયના ઉત્તુંગ શિખરો સૂર્યનારાયણના કિરણો ઝીલી ઝળકતાં હતાં. ખૂબ પવિત્ર અને ભક્તિમય વાતાવરણ હતું. સૌ ભક્તો કતારબંધ દર્શન કરી રહ્યાં હતાં. રેખાબહેન અને રાજેશભાઈનો નંબર આવ્યો ત્યાં આરતી શરૂ થઈ. ત્યાં એવો નિયમ છે કે આરતી સમયે જે જ્યાં હોય ત્યાં જ ઊભા રહીને આરતી કરે, લાઈન આગળ ન ચાલે. આખી આરતી પ્રભુના દર્શન સાથે કરવા મળશે એને પ્રભુની કૃપા સમજી આ માટે ધન્યતા અનુભવતા રેખાબહેન અને રાજેશભાઈ આંખોમાં અશ્રુધારા સાથે પ્રભુને વંદી રહ્યાં.

માતાને મૃત્યુ સમયે આપેલ વચન પૂરું કરતાં હળવાશ અનુભવી. રાજેશભાઈના માતાને બદ્રીનાથના દર્શન કરવાની અદમ્ય ઈચ્છા. તેમણે રાજેશભાઈને આ માટે કહેલું પણ ખરું. પણ, કોઈ વાર નૈનીતાલનો પ્રોગ્રામ બન્યો તો કોઈ વાર દાર્જીલિંગનો, કોઈ વાર ઉત્તરાખંડમાં પૂરના કારણે રસ્તા તૂટી ગયા તો એક વાર જ્યારે બધું બુકિંગ પણ કરાવી લીધું ત્યારે કોરોનાના કારણે યાત્રા ન થઈ શકી. અંત સમયે બાએ રાજેશભાઈપાસે વચન માગ્યું.

'મને બદ્રીનાથ અને પંચપ્રયાગના દર્શન કરવાની ખૂબ ઈચ્છા હતી પણ હવે તે પૂરી થશે નહીં. તો તમે મને વચન આપો કે મારી વરસી વાળો એ પહેલાં તમે ત્યાં દર્શન જરૂર કરશો.'

'જરૂર, બા.'

એ બનાવ યાદ કરતાં રેખાબહેન અને રાજેશભાઈએ ભગવાનને કાલાવાલા કરતાં કહ્યું, 'અમારી સાથે મારી બાના પ્રણામ પણ સ્વીકારજો, પ્રભુ. બા, અમારું આ તર્પણ સ્વીકારજો.'

ત્યાર બાદ પંચપ્રયાગ - વિષ્ણુપ્રયાગ, નંદપ્રયાગ, કર્ણપ્રયાગ, રુદ્રપ્રયાગના દર્શન કરી છેલ્લે દેવપ્રયાગમાં દર્શન કરી પવિત્ર ગંગાના પાણીની અંજલિ ભરી ગદગદિત ભાવ સાથે તર્પણ કર્યું.

'મા, મારા બાળપણમાં તું મને ગંગા અવતરણની વાત કરતી તે મને હજુ પણ યાદ છે. આજે તારી ઈચ્છા અનુસાર પાંચે પ્રયાગના દર્શન કરી, દેવપ્રયાગમાં અલકનંદા અને ભાગીરથીના સંગમમાં સ્નાન કરતાં તારી દિવ્ય ઉપસ્થિતિ મેં અનુભવી. હું ભગીરથ તો નથી પણ મારા જીવનનું કર્તવ્ય અને સાફલ્ય છે અર્પણ, તર્પણ, અને સમર્પણ.' પતિતપાવની ગંગામાં એક દીપ વહી રહ્યો - માતા પ્રત્યેના આદર અને સન્માનનો, સાચી શ્રદ્ધાનો, કૃતજ્ઞતાનો, આસ્થાનો, ધર્મ અને દિવ્યતાનો, પવિત્રતાનો, ભાવપૂર્ણ તર્પણનો.

નામઃ રીટા જાની શહેરઃ અમદાવાદ

## ★તારા વગર★

રહેવાનું નથી મારે તારી સાથે, પરંતુ
રહેવાતું પણ નથી હવે તો તારા વગર.

નથી કહેવું કંઈ હવે તો મારે તને, પરંતુ
ચૂપ પણ તો નથી રહેવાતું હવે તારા વગર.

નથી કરવી યાદ તારી સાથે વિતાવેલ પળની
પરંતુ કશું જ ભુલાતું પણ નથી તારા વગર.

રહેવાનું તો નથી જ મારે તારી પાસે, પરંતુ
જીવાતુય તો નથી હવે મને તારા વગર.

દૂર છે તું અને હું, અને મજબુર પણ છે
તને યાદ ને તારી વાત કરું છું તારા વગર.

યાદોમાં તારી બસ આ સમય વીતાવું છું હવે
મુશ્કેલ લાગે છે જીવવું ઘણું હવે તારા વગર.

★નિશા નાયક "પગલી"★ (અમદાવાદ)

........................................

દિપ જલે છે હાથની આડે સતત
ઝંખનાઓ એમ જીવાડે સતત

એક ઘટનાને હૃદયમાં સાચવી
જાતને તારી તું રંજાડે સતત

આપણુ તો વાવવાનું કામ છે
બીજ ઉગવા ખુદ ધરા ફાડે સતત

કાન તારા બંધ રાખીને પછી
કેમ બૂમો આટલી પાડે સતત!

કામ એવા તું કરે શુ કામ કે!
આયનાથી જાત સંતાડે સતત

કિરણ જોગીદાસ 'રોશન'(ભરૂચ)
પપપપપપપપપપપ

રસ્તે જાતાં નજર નિહાળી ઝૂલે ઝૂલતી નારી,
હસ્યા બંને નજરથી નજર મિલાવી પ્યારી.

કાળા ભમ્મર કેશ લહેરે અડખીલી કરતા ભાલે,
પ્રેમની લટને હું સહેલાવું હળવે હાથને તાલે.

થંભી ગયેલા રસ્તે જુએ ઝુલો અમથો જાણે,
ઝગમગતું હરપળ અજવાળું અજાણે.

મિલન મુલાકાતનો દોર જામ્યો રોજ બસ સાંજે,
સાંજની હરદમ વાટ નિહારુ ઉગતા સૂર્યની સવારે.

હું તને ચાહું છું શબ્દોને પ્રેમથી કહી દઉં
કલમને નીચોવીને ચાહતને ઢાળી લઉં.

અમિતા શુક્લ "અમી"(અમદાવાદ )

........................

શીર્ષક -- વરસે છે!

ઉદાસી આંખમાંથી આજ અનરાધાર વરસે છે!
અગન ઊંડી, વ્યથાનાં ગીતનો ચિત્કાર વરસે છે!

મળે હરિવર મનોહર, મીત મોહક શ્યામ
લાગે છે!

અમારા હોઠ પર હરિ નામની બોછાર વરસે છે!

ધરેલી જે અધર પર વાંસળીનાં ભાગ્ય રુડાં છે!
લટકતાં ફૂમકે, અવ્વલ ઘણો શણગાર વરસે છે!

ઘણો અવસાદ હૈયે, હામ અંતરમાં ઘણી ધરબી!
અનેરી એક શ્રદ્ધાનાં તેજ અપરંપાર વરસે છે!

જખમ, જીવણ કદી આપે નહીં વિશ્વાસ છે પાક્કો!
અલૌકિક પ્રેમમાં પ ભક્તિનો આસાર વરસે છે!
ગીતા પંડ્યા(મુંબઈ)

પપપપપપપપપપપપ..
શ્વાસમાં મારા સતત ઘૂંટાય છે તારાં સ્મરણ.
દિલની ધડકનમાં સતત સંભળાય છે તારાં સ્મરણ,

હોય તું હાજર કે નહીં પણ થાય છે અહેસાસ એ,
જિંદગી સાથે સતત જીવાય છે તારાં સ્મરણ.
લીન થઈ છું એટલી કે કંઈ સ્મરણ રહેતું નથી,
તું થયો પ્રત્યક્ષ ત્યાં ખોવાય છે તારાં સ્મરણ.

નામ વિનાની હું તકતી લઈ ફરું છું વિશ્વમાં,
બસ સ્મૃતિના જાપ અવિરત ગાય છે તારાં સ્મરણ.

ઘોર અંધારામાં જીવન વીતવા લાગ્યું હતું,
ચોતરફ અજવાશ થઈ પથરાય છે તારાં સ્મરણ.

"શિલ્પ"માં જ્યાં પ્રાણ પૂર્યા ત્યાં જીવન થ્યું ધન્ય છે,
કેવાં પ્રાસાદિક રીતે પૂજાય છે તારાં સ્મરણ!

શિલ્પા શેઠ "શિલ્પ" ( મુંબઈ)

કુદરતી ચમત્કાર
હું સૂર્ય ઉપર ગઈ નથી,

મેં દેખ્યા પણ સૂર્યના સોનેરી કિરણ.
હું ચંદ્ર ઉપર ગઈ નથી,

મેં દેખ્યા પણ ચંદ્રના રૂપેરી કિરણ.
હું રણમાં ગઈ નથી,

મેં દેખી પણ રણની રેતી.
હું નદીના કિનારે ગઈ નથી,
મેં દેખ્યો પણ કિનારાનું પાણી.

મેં જે જીવનમાં વિચાર્યું નહીં,
મેં દેખ્યું પણ શક્ય બનતાં અહીં.
-શાલુ મહેતા 'શૌર્ય' (ખેડબ્રહ્મા)

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું